| Uncle | : | Mr. Yogen Hasmukhlal Salot<br>(M) : 9898111115<br>Late Mr. Nilesh Hasmukhlal Salot<br>(M) : 9825465771 |
| Faiba | : | Mrs. Meena Rajesh Shah (M) : 9408779847 |
| Mosal | | |
| Nana | : | Late Mansukhlal Jagjivandas Gandhi |
| Nani | : | Late Narangiben Mansukhlal Gandhi |
| Mama | : | Nitinbhai Mansukhlal Gandhi<br>(M) : 9426051965<br>Jigneshbhai Mansukhlal Gandhi<br>(M) : 9428693245<br>Milanbhai Mansukhlal Gandhi<br>(M) : 9898105111 |



તમારી હાજરીમાં જે તમારાથી ડરતો રહે છે,
તમારી ગેરહાજરીમાં તે સતત તમને ધિક્કારતો રહે છે.



# BIO-DATA

Name : SHREY AMIYA SHAH

Birth Date : 15th August 1997

Birth Place : Surendranagar

Birth Time : 3:45 a.m.

Height : 5′ 7″

| | | |
|---|---|---|
| Education | : | B.Tech (E.E.E.) from BITS (PILANI) Batch 2019 |
| Working as | : | STRATEGIST ROBOTICS C.N.H. Industrial Technology Services (India) Pvt. Ltd., Gurgoan. |
| Interest | : | Reading, Travelling, Exploring new things. |
| Religion | : | Zalawadi - Dashashrimali - Swetambar Murtipujak (Deravashi) Jain |
| Gotra | : | Kashyap |
| Native | : | Surendranagar, Dist. Surendranagar, Guj. |
| Current Resi. | : | Gurgaon, Haryana. |

FAMILY:

| | | |
|---|---|---|
| Grand Father | : | Late Dr. Rasiklal Saubhagyachand Shah (MD, FICA(USA), FCCP (USA)). |
| Grand Mother | : | Late Jyotsnaben Rasiklal Shah. (Home Maker) |
| Father | : | Amiya Rasiklal Shah (Electronic Engineer), Business |
| Mother | : | Binita Amiya Shah (B.Sc) (Home Maker) |
| Elder brother | : | Shrenik Amiya Shah (B.Tech & M.B.A) Senior consultant at Deloitte (India) Ltd. Banglore |
| Elder Brother | : | Kunjan Amiya Shah (M.Tech (E.C.)) Reliance New Solar Energy Ltd., Jamnagar |
| Permanent Resi. | : | Opposite Chhabila Hanuman, Behind New Sarvodaya Society, Surendranagar-363001. Gujarat |
| Contact | : | Father: +919825739540 |
| Resi. Landline | : | (02752) 232916 |



# BIO-DATA

Name : Bhavya Maheshbhai Gandhi

Birth Date : 28-03-2000

Time : 10.02 a.m.

Birth Place : Ahmedabad

| | | |
|---|---|---|
| Height | : | 5′ 9" |
| Weight | : | 90 Kgs. |
| Religion | : | Visha Shrimali Sthanakvashi Jain |
| Qualification | : | B.Com. |
| Business | : | ND Sales Agency (FMCG Product, Soap - Detergent Agency) Green Chowk, Opp. SBI ATM, Limbdi. |
| Hobby | : | Traveling & Music |

FAMILY BACKGROUND

| | | |
|---|---|---|
| Grand Parents | : | Late Dhanjibhai Ujamshibhai Gandhi Late Kantaben Dhanjibhai Gandhi |
| Father | : | Maheshbhai Dhanjibhai Gandhi M. : 91068 37957, 86907 20444 |
| Mother | : | Dakshaben Maheshbhai Gandhi M. : 95108 42553 |
| Brother | : | 1 (Elder) Unmarried |
| Uncle | : | Arvindbhai Dhanjibhai Gandhi Surendranagar |
| Mosal | | |
| Mama | : | Narendrabhai Anopchandbhai Desai Botad. M. : 87349 78541 |
| Address | : | "Arhum", Near Rajkavi Chowk, Old Society, Near HDFC Bank, Limbdi. |
| Contact No. | : | 73835 03610 (Bhavya) |



અધ્યાત્મ ક્ષેત્રે બહાદુર એ છે જે નાની-મોટી વાતમાં
પણ ચૂપ રહે છે, આવેશમાં આવતો નથી .



# BIO-DATA

Name : Princy Hiteshbhai Doshi

Birth Date : 07-05-1998 Time : 02:10 p.m.

Birth Place : Botad

Height : 5′ 2″

Weight : 52 Kg.

Hobbies : Listening Music, Reading

Native Place : Limbdi

Cast : Visha Shrimali Sthanakvasi Jain

Education : B.C.A. (Varmora College-Surendranagar)
M.C.A. (L. J. Institute College-Ahmedabad)

Resi. Add : Near "Hash",
Opp. Matru Chhaya's Street,
Jintan Road, Surendranagar.

Contact : M. : 94275 51034, 70167 97242

Family Details

Grand Father : Late Champaklal Amratlal Doshi (Kamdar)

Grand Mother : Late Padmavatiben Champaklal Doshi

Father's Name : Hiteshbhai Champaklal Doshi (Kamdar)

Occupation : Grain Merchant, 2 Arun Chembers,
Jin Compound, Mehta Market,
Surendranagar.

Mother : Alpaben Hiteshbhai Doshi

Sister : Bindi Punit Shah Ahmedabad (Married)

Brother's Name : Raj Hiteshbhai Doshi
(Computer Engineering)

Uncle Name : Kamleshbhai Champaklal Doshi
Ahmedabad

Faiba : Jayshriben Jagdishbhai Gandhi
Ahmedabad
Smitaben Sanjaybhai Shah
Ahmedabad

Mosal

Mama : Chhabildas Dalichandbhai Gopani
Botad
Nileshbhai Chhabildas Gopani
Botad



# BIO-DATA

Name : Drashti Shah

Birth Date : 25th September, 1999

Birth Place : Dhrangadhra

Height : 5′ Weight : 42 Kgs.

Time : 11.15 a.m.

Caste : Sthankvashi Dasha Shrimali Jain

Qualification : MBA in Business Intelligence
(B. K Collage - Ahmedabad).
Data Science (Bengaluru).

Occupation : Business Development
Executive at SoluteLabs for 1 year
Ahmedabad
Data Analyst Consultant at NWN
(WFH)
Delhi-Gurgaon, Office-Ahmedabad

Hobby : Drawing, Travelling, Watching, K-Drama

FAMILY BACKGROUND

Mother : Dipikaben Manharlal Shah (Divorcee)
Contact No. : 7043563199

Email ID : shahdrashti81@gmail.com

Mosal

Nana : Late Shree Manharlal Nandlal Shah
(Ghee Wala)

Nani : Vasantben Manharlal Shah

Mama : Samirbhai Manharlal Shah
Contact No. : 9879280755
Mahavir Engineering Store,
Under Ram Mahel, Ram Bazar,
Dhrangadhra.

Residence : 203, A-One Flat, Chandravihar Society,
Club Road, Dhrangadhra,363310.

Mami : Tejalben Samirbhai Shah

Masa : Rameshkumar Rashiklal Vora

Masi : Smitaben Rameshkumar Vora
Contact No. : 8401709609



અધ્યાત્મ ક્ષેત્રે બહાદુર એ છે જે નાની-મોટી વાતમાં
પણ ચૂપ રહે છે, આવેશમાં આવતો નથી .

# અર્જુન - શ્રીકૃષ્ણ

મહાભારતનું યુદ્ધ એની પરાકાષ્ઠાએ પહોંચ્યું હતું. કૌરવો અને પાંડવો એકબીજાને પછાડવા માટે મરણિયા બનીને મેદાને પડ્યા હતા. પાંડવોના પક્ષે સત્ય હતું તો કૌરવોના પક્ષે અસત્ય. પાંડવો સીધી ચાલ ચાલતા અને કૌરવો ચાલબાજી કરતાં.

બંને પક્ષે અનેક સ્વજનો, મિત્રો મૃત્યુને ભેટ્યા હતા. અનેક સૈનિકોનો ખાતમો બોલી ગયો હતો, અનેક પ્રાણીઓ હણાયાં હતાં. અર્જુન આ બધું જોઈને દુઃખી દુઃખી થઈ ગયો હતો. એનાથી આ બધું સહન નહોતું થતું. આ દોરંગી દુનિયાના વ્યવહારોથી એનું મન રડી રહ્યું હતું. પરિસ્થિતિથી દુઃખી થઈ એણે દૂર ક્યાંક ચાલ્યા જવાનો વિચાર કર્યો. એના મનમાં વિચાર આવ્યો કે મારે આ રાજપાટ, જમીન-જાયદાદ સંબંધો બધું જ ત્યાગીને જતા રહેવું જોઈએ. એણે એના ગુરુ અને સારથિ શ્રીકૃષ્ણને બે હાથ જોડી વિનંતી કરી, ભગવન, હું. આ બધાથી ત્રાસી ગયો છું ! મારે મુક્તિ જોઈએ છે.' પુછ્યું - અવશ્ય ! તારી પાસે કોઈ ઉપાય છે મુક્તિનો?' કૃષ્ણએ એમને નરમાશથી અર્જુને કહ્યું, 'હા, ભગવાન ! મારી પાસે એક રસ્તો છે. ત્યાગનો રસ્તો ! હું આ બધું ત્યાગી દઉં તો આ ઝંઝાળમાંથી છૂટી શકું !' ત્યાગી દઉં એટલે શું? મને કંઈ સમજાયુ નહીં?' ભગવાન શ્રીકૃષ્ણએ મર્માળુ હસતા પ્રશ્ન કર્યો.

અર્જુને કહ્યું, "ભગવાન, મારે આ મિલકતો, જમીન, સંબંધો, બધું જ ત્યાગી દેવું છે. મારે હિમાચલમાં જતા રહેવું છે. આ યુદ્ધ પણ મારે નથી જોઈતું, આ રાજ્ય પણ નથી જોઈતું, ભાઈઓ અને માતા પણ નથી જોઈતાં, દ્રોપદી પણ નથી જોઈતી. કશું જ કરતાં કશું જ મારે નથી જોઈતું. બધાને ત્યાગીને હું હિમાલય જવા માંગું છું. મને રજા આપો ! ભગવાન શ્રીકૃષ્ણએ અર્જુનને પૂછ્યું. 'શું આ બધાનો ત્યાગ કરીને તું શાંતિ મેળવી શકીશ, અવશ્ય મેળવી શકીશ ! આટલો મહાન ત્યાગ મને અવશ્ય શાંતિ અપાવશે.

અર્જુનનો જવાબ સાંભળી કૃષ્ણએ એને અટકાવતા કહ્યું, "વત્સ, આ સંબંધો, આ રાજય બધુ ત્યજીને તું એમ ના સમજીશ કે તું કોઈ મહાન ત્યાગ કરી રહ્યો છે. આ ત્યાગ તો તુચ્છ છે. આ તો એક પ્રકારની પીછેહઠ છે, ત્યાગ નથી. પરિસ્થિતિથી તંગ આવીને બધું જ છોડી દેવું એને તું ત્યાગ ન કહી શકે. મહાન તો ઠીક આ બધો ત્યાગ સામાન્ય ત્યાગની તુલનામાં પણ ના આવી શકે. કારણ આમાં સ્વાર્થ છે. આ ત્યાગથી ન તો તને શાંતિ મળશે, ન તો હું કોઈ મહાન ત્યાગી બની શકીશ. બીજું કે જે લોકો જવાબદારીઓ વહન કરતાં કરતાં ત્યાગ કરે છે એ જ સાચા ત્યાગી છે. કર્મ કરતાં કરતાં, સંબંધો નિભાવતા નિભાવતા, સાંપ્રત સ્થિતિઓનો ભાર વહન કરતાં કરતાં જે માણસ જીવી શકે અને નાનકડો પણ ત્યાગ કરી શકે એ ત્યાગ મહત્ત્વનો છે. નહીં કે તારી આ પીછેહઠ વાળો ત્યાગ. વત્સ, એક જ વાક્યમાં કહું છું. અટકવું હોય તો અટકી જજે. કર્મનો ત્યાગ ન કરીશ, કર્મફળનો ત્યાગ કરજે. તો જ તું મહાન માણસ અને મહાન ત્યાગી બની શકીશ.'

કૃષ્ણના અંતિમ વાક્યએ અર્જુનને અટકાવી દીધો. એની આંખો આગળથી ત્યાગનો નકલી પરદો હટી ગયો હતો. હવે એ ખરા ત્યાગને ઓળખતો થયો હતો.

**સંસારથી મુક્ત થઈને નહીં પણ સંસારયુક્ત રહીને પણ ત્યાગી જીવન જીવી જાણે એ ખરો ત્યાગી છે.**

# કડવી બોલીને જગતના વાતાવરણને દૂષિત કરવાનું પાપ ના કરો

સ્વામી રામતીર્થ વાણી વિશે બહુ જ સુંદર વાત કરી ગયા છે. તેઓએ કહ્યું છે કે, 'આપણે આપણી જીભ પર જો બીજાની નિંદાના છોડવા ઉગાડીશું તો એ આપણા પગમાં જ કાંટા ભોંકશે. આપણે જ્યારે વાણી દ્વારા બીજાની નિંદા કરીએ, બીજા વિશે કટુ વચનો બોલીએ કે પણ અપશબ્દો કહીએ ત્યારે એનું સૌથી વધારે નુકસાન આપણને જ થતું હોય છે. આપણું મન અને જીવન બધું જ એ અયોગ્ય વાણીને કારણે દૂષિત થાય છે. સામે કોઈ માણસ આપણને પણ જ્યારે કટુવચનો કહેતો હોય ત્યારે સામે કટુવચનો કહેવાને બદલે એના પરથી લક્ષ્ય દૂર કરી દેવું એ જ આપણી વાણીનું માન જાળવ્યું કહેવાશે. જીવનમાં આગળ વધવું હોય તો સાત્ત્વિક વાણી જ મુખ્ય રસ્તો છે. સાત્ત્વિક વાણી ઉચ્ચારીને જ આપણે ફૂલ ભર્યો માર્ગ મેળવીને આગળ વધી શકીએ છીએ.'

આમ વાણીમાં સત્યનો સાક્ષાત્કાર અને નિર્મળતા ખૂબ જ જરૂરી છે. જે વાણી બીજાને હાનિ પહોંચાડતી હોય એ વાણી આપણને પણ હાનિ પહોંચાડે જ. કડવી વાણી બોલીને જગતના સુંદર વાતાવરણને દૂષિત કરવાનું પાપ ના કરવું જોઈએ.

સારા આશયથી બોલાયેલી સારી વાણી કદી અપ્રિય કે નુકસાનકારક બનતી નથી.

ગુજરાત સમાચાર સંદેશ
THE TIMES OF INDIA દિવ્યભાસ્કર
જાહેર નોટીસ, નામ ચેન્જ
ટચુકડી, પ્રાઈમ પ્રોપર્ટી
બેસણું, શ્રદ્ધાંજલિ, અભિનંદન
ડિસ્પ્લે, કોમર્શીયલ, લગ્નવિષયક
ઘરેબેઠા કોઈપણ ન્યુઝપેપરમાં જાહેરાત આપવા માટે સંપર્ક કરો.
મેહુલ પી. શાહ 9825042967

NE
Neminath Electronics
Ritesh Shah
M. : 9974425154
riteshshah105@gmail.com
Deal in : All Types of Industrial Electronics Component
B/417, 4th Floor, Sumel-11, Nr. Namaste Circle, Delhi Darwaja to Sahibaug Road, Sahibaug, Ahmedabad-380004.

કર્પેશભાઈ : (M) 98244 45844
પ્રતિક : (M) 98258 03686
સર્વોદય
ફેન્સી સાડીઓ તથા ડ્રેસ મટીરીયલ...
૧, વૃંદાવન બિલ્ડીંગ, આઈ.ડી.બી.આઈ બેંક સામે, ગુરુકુળ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન: (O)27433686 (R)27483721
Email: sarvoday3686@gmail.com



સામાયિક - પ્રતિક્રમણ કરતા વખતે લક્ષ્ય શું તે વખતે ભાવ ઉછળતા હોવા જોઈએ.

# રામકૃષ્ણ પરમહંસ - એક બોધ કથા

એકવાર એવું બન્યું કે રામકૃષ્ણ પરમહંસને મળવા માટે, હિમાલયમાંથી એક યોગી પધાર્યા. એ યોગીએ વર્ષો સુધી હિમાલયમાં સાધના કરેલી. તેમણે રામકૃષ્ણ વિશે ઘણું બધું સાંભળ્યું હતું, માટે તેઓ રામકૃષ્ણની મુલાકાતે પહોંચી ગયા. યોગી પધાર્યા ત્યારે રામકૃષ્ણ આરામથી એક વૃક્ષ નીચે બેઠા હતા. કોલકતામાં જ્યાં તેમનું ઘર હતું, તેની બાજુમાંથી ગંગા નદી વહી રહી હતી. રામકૃષ્ણને જોઈને, યોગીને આશ્ચર્ય થયું. તેમણે તો એવું સાંભળેલું કે રામકૃષ્ણ બહુ મહાન માણસ છે, પણ આ શું ? તેમની સામે બેઠેલો માણસ તો સાવ સામાન્ય, અભણ અને ગામડિયો લાગતો હતો.

હિમાલયમાં રહીને વર્ષોથી યોગ સાધના કરી રહેલા પેલા યોગીએ કહ્યું, 'હું ખૂબ દૂરથી તમને મળવા આવ્યો છું. પણ તમને મળ્યા પછી, થોડો નિરાશ થયો છું. તમે તો સાવ સાધારણ લાગો છો.' રામકૃષ્ણએ કહ્યું, 'તમારી વાત સાચી છે. હું સાવ સાધારણ માણસ છું. બોલો, હું તમારી શું સેવા કરી શકું ?' યોગીએ કહ્યું, 'મારે કોઈ સેવા નથી જોઈતી. મને એક સવાલનો જવાબ આપો. તમારા આટલા બધા અનુયાયીઓ શું કામ છે ? તમારામાં એવું ખાસ તો કશું જ નથી. બોલો, તમે પાણી પર ચાલી શકો છો ? હું ચાલી શકું છું.'

રામકૃષ્ણએ કહ્યું, 'તમે થાકેલા છો. થોડીવાર આરામ કરી લો. પછી તમારે પાણી પર ચાલવું હોય, તો ચાલજો. પણ મને એ કહો કે પાણી પર ચાલવાનું શીખવામાં તમને કેટલા વર્ષો લાગ્યા ?' યોગીએ કહ્યું, 'વીસ વર્ષ.' રામકૃષ્ણએ કહ્યું, 'તમે એ વીસ વર્ષ અકારણ બરબાદ કરી નાંખ્યા. સૌથી પહેલા તો, પાણી પર ચાલવાની જરૂર શું છે ? મારે અહીંથી નદીના સામા કાંઠે જવું હોય, તો બે પૈસામાં હોડી મને સામે કાંઠે ઉતારી જાય. જો કે મારે તો બે પૈસા પણ ખર્ચવા નથી પડતા. અહીં લોકો મને એટલો પ્રેમ અને આદર આપે છે કે મને પોતાની હોડીમાં બેસાડવા માટે તેઓ અંદરોઅંદર લડી પડે છે. તેઓ મને કહે છે કે અમારી હોડીમાં બેઠા પછી પૈસાની વાત નહીં કરવાની. ગંગા પાર કરતી વખતે તમારો સાથ મળ્યો, એ જ અમારા માટે સૌથી મોટા આશીર્વાદ છે.' પછી રામકૃષ્ણએ કહ્યું, 'તો જે નદી પાર કરવામાં ફક્ત બે પૈસા લાગે છે, એમાં તમે જીવનના વીસ વર્ષ ગુમાવી દીધા. આવું શું કામ કર્યું ?

આ સાંભળીને યોગી સ્તબ્ધ થઈ ગયા. તેમને ખૂબ મોટો આઘાત લાગ્યો પણ સાથે તેમને રિયલાઈઝ પણ થયું કે રામકૃષ્ણની વાત સાચી હતી. તેઓ વિચારવા લાગ્યા, 'પાણી પર ચાલવાનો ફાયદો શું ? મેં શું કામ આટલી સાધના કરી ? ફક્ત એક શો-મેન બનવા માટે ? લોકોને એ બતાવવા માટે કે હું કેટલો મહાન છું ? વાહવાહી મેળવવા માટે, મેં જીવનના વીસ વર્ષ વેડફી નાંખ્યા.'

એ જ સવાલ હવે આપણે જાતને પૂછવાનો છે. આપણી પાસે એવી કઈ ઉપલબ્ધિ છે, જે ફક્ત અન્યને બતાવવા માટે આપણે મેળવી છે ? સોશિયલ મીડિયા પર રીલ બનાવવા કે પોસ્ટ મૂકવા માટે, ક્યાંક આપણે પાણી પર ચાલવાનું તો શીખી નથી ગયા ને ? આપણા જીવનમાં એવી કઈ પ્રવૃત્તિ છે, જે ફક્ત આપણે વાહવાહી કે ઓળખ મેળવવા માટે કરીએ છીએ ? આ સવાલના જવાબ જાણવા જરૂરી છે કારણકે 'શો-મેનશીપ' આપણને અંતઃકરણ, પ્રકૃતિ અને આપણા મૂળ સ્વભાવથી દૂર લઈ જાય છે.

કોઈને ઈમ્પ્રેસ કરી દેવાના પ્રયત્નો કરવા માટે, આ જિંદગી બહુ ટૂંકી છે. ગૌતમ બુદ્ધે કહેલું એમ, 'Be – Don't try to become.' આપણું આખું જીવન આ 'હોવા' અને 'બનવા' નામની બે ડાળીઓ વચ્ચે ઝુલતું રહે છે. આપણી ઉપલબ્ધિઓ પ્રસારીત અને મહાનતા પ્રસ્થાપિત કરવાના પ્રયત્નોમાં, જીવનના કેટલાય વર્ષો પસાર થઈ જાય છે. કશુંક બનવા કે દેખાડવાની મથામણમાં, જે સૌથી મહત્વની ઘટના આપણે ચૂકી જઈએ છીએ એ છે 'આપણું હોવું'. આ વર્તમાન ક્ષણમાં રહેલું જીવન ફક્ત એ જ સજીવો માટે ઉપલબ્ધ રહે છે, જેમની પાસે કોઈ જ ઉપલબ્ધિ નથી. એવા સજીવો જેઓ 'કશું જ નથી'. જગતને બતાવવા જેમની પાસે કોઈ પદવી, પુરસ્કાર કે પ્રમાણપત્ર નથી. પોતે 'કશુંક' છે, એવું જતાવવા માટે જેમની પાસે કોઈ પુરાવા નથી. રામદાસે કહ્યું છે એમ, "The game is not about becoming somebody, it's about becoming nobody."

આંખના પલકારામાં સમાપ્ત થઈ જનારા આ જીવનને પૂરી સમગ્રતાથી એ જ સજીવો માણી શકે છે, જેમની પાસે 'શો-ઓફ' કરવા જેવું કશું જ નથી. ધૂળમાં રમતું બાળક, અડાબીડ ઉગેલું ઘાસ, કોઈ જંગલી ફૂલ, માલિકને જોઈને પૂછડી હલાવતો કૂતરો, પશુ, પક્ષી, વૃક્ષ, પર્વતો અને નદીઓ. આ સમગ્ર અસ્તિત્વની સૌથી સુંદર અને પ્રાકૃતિક કહી શકાય એવી દરેક ઘટના, સ્વ-પ્રશસ્તિની ઘેલછા વગર જ આકાર લેતી હોય છે. ધારો કે પાણી પર ચાલતા શીખી ય લીધું, તો પણ આ ભવસાગર પાર કરવા માટે તો હોડીમાં જ બેસવું પડે છે. એવી હોડી, જે ઘમંડ કે આત્મશ્લાઘાના ભારથી ડૂબી જતી હોય છે. એ હોડીમાં ફક્ત 'નો-બડી'ને જ પ્રવેશ હોય છે. એમાં 'સમબડી' માટે જગ્યા નથી હોતી.

- ડૉ. નિમિત્ત ઓઝા


જેની જીભમાં અમી તેને દુનિયા નમી

Remesh K. Doshi M. 98796 36628

Jinesh Doshi M. 8460186847

HIRA OPTICS

Verai Pada Pole, Gandhi Road, Ahmedabad.

રોશની ચશ્મા ઘર

તુલસીશ્યામ ફ્લેટ સામે, ભીમજીપુરા, નવા વાડજ

નરેન્દ્ર કે. દોશી M. : 8000360616

SHAH ESTATE CONSULTANT RERA REGISTERED

Jayesh Shah

+91 99740 89640

+91 98250 13076

JITO (Member) A.E.B.A. (Member) GREAC (Member)

Residential & Commercial Property

Rent | Sale | Lease, Home Loan Advisor

M-13/76, Rupal Park, Opp. Patrakar Colony, Vijaynagar, Naranpura, Ahmedabad - 380013

jayeshshah1376@gmail.com

જીતેન્દ્ર આર. શાહ તથા વર્ષા જીતેન્દ્ર શાહ

લાઈફ ઈન્સ્યોરન્સ કન્સલટન્ટ/એજન્ટ

૪૪ વર્ષથી લાઈફ ઈન્સ્યુરન્સ કૉર્પોરેશન ઑફ ઈન્ડિયાના એજન્ટ તેમજ ચેરમેન કલબ મેમ્બર

રહેઠાણ : સી/૯૦૧, શ્રીજી ટાવર્સ, ઇન્દ્રપ્રસ્થ ટાવર્સ સામે, ડ્રાઇવ-ઇન રોડ, ગુરુકુળ, અમદાવાદ-૩૮૦ ૦૫૨

એલ.આઈ.સી.ની તમામ જાતની સેવા માટે કોન્ટેક્ટ (મો.) ૯૮૨૫૦ ૧૧૨૩૨

"મૃત્યુ થવાનું છે તે માટે જિંદગીનો વીમો લેવાતો નથી, પણ પાછળ કોઇ જીવિત રહેવાનું છે, તે માટે જ જીવન વીમો જરૂરી છે.




તમે હારી જાવ એની મને ચિંતા નથી,
પણ હારીને બેસી જાવ તેની મને ચિંતા છે.

# મૃત્યુ શા માટે જરૂરી છે ?

દરેક વ્યક્તિ મૃત્યુથી ડરે છે, પરંતુ જન્મ અને મૃત્યુ એ સૃષ્ટિનો નિયમ છે. બ્રહ્માંડનાં સંતુલન માટે તે જરૂરી પણ છે. તેના વગર માણસો એકબીજા પર પ્રભુત્વ મેળવશે કેવી રીતે? જાણો આ વાર્તા પરથી...

એક વખત એક રાજા એક સંત પાસે ગયો જે રાજ્યની બહાર એક ઝાડ નીચે બેઠા હતા. રાજાએ પૂછ્યું, "હે પ્રભુ! અમરત્વ આપે એવી કોઈ દવા છે? કૃપા કરીને મને કહો." સંતે કહ્યું, "હે રાજા! તમારી સામેના બે પર્વતો પાર કરો. ત્યાં તમને એક તળાવ મળશે. તેનું પાણી પીને તમે અમર થઈ જશો."

રાજાને પહાડ ઓળંગીને એક તળાવ મળ્યું. જ્યારે તે પાણી પીવા માટે નીચે નમ્યો ત્યારે તેણે કર્કશ અવાજ સાંભળ્યો. અવાજને અનુસરીને જોતા તેઓએ એક વૃદ્ધ અને નબળા માણસને કણસતો પીડામાં જોયો રાજાએ કારણ પૂછ્યું ત્યારે માણસે કહ્યું, "મેં આ સરોવરનું પાણી પીધું અને અમર થઈ ગયો. જ્યારે હું સો વર્ષનો થયો ત્યારે મારા પુત્રએ મને ઘરની બહાર કાઢી મૂક્યો. હું પચાસ વર્ષથી અહીં પડ્યો રહું છું. કોઈ દેખભાળ વગર મારો દીકરો મરી ગયો છે અને મારા પૌત્રો પણ હવે વૃદ્ધ થઈ ચૂક્યા છે મેં ખાવા-પીવાનું બંધ કરી દીધું છે, છતાં હું જીવતો છું."

રાજાએ વિચાર્યું, "વૃદ્ધાવસ્થા સાથે અમરત્વનો શું ઉપયોગ છે? જો હું યુવાની સાથે અમરત્વ પ્રાપ્ત કરી શકું તો?" રાજા સંત પાસે પાછો ગયો અને તેનો ઉપાય પૂછ્યો, "કૃપા કરીને મને અમરત્વ સાથે યુવાની પ્રાપ્ત કરવાનો ઉપાય જણાવો."

સંતે કહ્યું, "તળાવ પાર કર્યા પછી, તમને બીજો પર્વત મળશે. તેને પાર કરો, અને તમને પીળા ફળો વાળું ઝાડ મળશે. તેમાંથી એક ફળ ખાઓ, અને તમને અમરત્વની સાથે યુવાની પણ મળશે."

રાજાએ બીજો પહાડ ઓળંગ્યો અને તેના પર પીળા ફળો વાળું ઝાડ જોયું તો જલદી તેણે ફળ તોડવા માટે હાથ ઊંચો કર્યો, ત્યાં તેણે જોરથી દલિલો અને લડાઈના અવાજો સાંભળ્યા. તેઓએ વિચાર્યું, આ નિર્જન જગ્યાએ કોણ લડી શકે?

રાજાએ ચાર યુવાનોને જોર જોરથી ઝઘડતા જોયા. રાજાએ પૂછ્યું, "તમે લોકો કેમ લડી રહ્યા છો?" તેમાંથી એકે કહ્યું, "હું ૨૫૦ વર્ષનો છું અને મારી જમણી બાજુનો માણસ ૩૦૦ વર્ષનો છે, તે મને મિલકતમાંથી મારો હિસ્સો નથી આપતો."

જ્યારે રાજાએ જમણી બાજુનાં માણસને પૂછ્યું ત્યારે તેણે કહ્યું, "મારા પિતા કે જેઓ ૩૫૦ વર્ષના છે, હજુ પણ જીવિત છે અને તેમણે મને મારો હિસ્સો આપ્યો નથી, તો હું મારા પુત્રને કેવી રીતે આપું?"


તે વ્યક્તિએ તેના ૪૦૦ વર્ષીય પિતા તરફ ધ્યાન દોર્યું, જેમણે પણ આ જ ફરિયાદ કરી હતી. તેણે રાજાને કહ્યું કે મિલકતના આ અનંત વિવાદને કારણે ગ્રામજનોએ તેને ગામની બહાર કાઢી મૂક્યો હતો.

રાજા આશ્ચર્યચકિત થઈને સંત પાસે પાછો ફર્યો અને કહ્યું, "આભાર, તમે મને મૃત્યુનું મહત્વ સમજાવ્યું." સંતે કહ્યું, "આ જગતમાં પ્રેમ માત્ર મૃત્યુને કારણે છે."

"મૃત્યુની ચિંતા કરવાને બદલે, દરરોજ અને દરેક ક્ષણ આનંદથી જીવો. તમારી જાતને બદલો, દુનિયા બદલાઈ જશે."

૧. સ્નાન કરતી વખતે ભગવાનનું નામ લેશો તો તે પવિત્ર સ્નાન બની જાય છે.
૨. જ્યારે તમે ભોજન જમતી વખતે નામ લો છો તો તે ભોજન પ્રસાદ બની જાય છે.
૩. ચાલતી વખતે નામ લેશો તો તીર્થ બની જાય છે.
૪. જ્યારે તમે રસોઈ બનાવતી વખતે નામ લો છો, ત્યારે તે ભોજન પ્રસાદ બની જાય છે.
૫. જ્યારે તમે સૂતા પહેલા નામનો જાપ કરો છો, ત્યારે તે ધ્યાનાત્મક ઊંઘ બની જાય છે.
૬. કામ કરતી વખતે જ્યારે તમે નામ લો છો ત્યારે તે ભક્તિ બની જાય છે.
૭. જ્યારે તમે ઘરમાં નામ લો છો તો તે ઘર મંદિર બની જાય છે.

**સ્વસ્થ રહો.... મસ્ત રહો....**









# જિંદગી

તમને જે ગમે તે કરો અને ખુશમાં રહો...!!!
કારણ કે :

૧. ટ્રેડમિલના શોધકનું ૫૪ વર્ષની વયે અવસાન થયું
૨. જિમ્નેસ્ટિક્સના શોધકનું ૫૭ વર્ષની વયે અવસાન થયું
૩. વર્લ્ડ બોડીબિલ્ડિંગ ચેમ્પિયન ૪૧ વર્ષે મૃત્યુ પામ્યો
૪. વિશ્વના શ્રેષ્ઠ ફૂટબોલર મેરાડોનાનું ૬૦ વર્ષની વયે અવસાન થયું પણ...પરંતુ...
૫. KFC શોધકનું ૯૪ વર્ષની વયે અવસાન થયું.
૬. ન્યુટેલા બ્રાન્ડના શોધકનું ૮૮ વર્ષની વયે અવસાન થયું.
૭. સિગારેટ ઉત્પાદક વિન્સ્ટનનું ૧૦૨ વર્ષની વયે અવસાન થયું.
૮. અફીણના શોધક ૧૧૬ વર્ષની ઉંમરે ભૂકંપમાં મૃત્યુ પામ્યા.
૯. હેનેસીની વિશ્વ વિખ્યાત બ્રાન્ડી બ્રાન્ડના શોધકનું ૯૮ વર્ષની વયે અવસાન થયું.
૧૦. MDH મસાલાવાળા સજ્જન ૯૭ વર્ષ જીવ્યા તો પછી આ ડોક્ટરો કેવી રીતે નિષ્કર્ષ પર આવ્યા કે કસરત કે પ્રાણાયામ કરવાથી લાંબુ જીવન જીવાય છે.

સસલું હંમેશા ઉપર અને નીચે કૂદકો મારે છે પરંતુ તે માત્ર ૨ વર્ષ જીવે છે અને જે કાચબો કસરત કરતો નથી તે ૪૦૦ વર્ષ સુધી જીવે છે. તેથી, થોડો આરામ કરો, શાંત રહો, શાંતીથી ખાઓ, પીઓ અને તમારા જીવનનો સંપૂર્ણ આનંદ માણો.

જલસા કરો ભાઈ જલસા...ભોગવે એ ભાગ્યશાળી ૬૨ વર્ષની ઉંમરે એકલવાયુ જીવન જીવતાં બુજુર્ગ ડીપ્રેશનમાં આવી ગયા એટલે તેમને મનોચિકિત્સિક ડોક્ટર પાસે લઈ ગયા. ડો. : તમારા દિકરા દિકરી શું કરે છે ? બુજુર્ગ : એમને મેં પરણાવી દીધા છે અને તેઓ સુખી છે. પત્નિ ગુજરી ગયા છે. જીવનમાં કોઇ જલસો નથી. ડો. : એવી તમારી કોઇ ઇચ્છા ખરી કે જે પુરી ના થઈ હોય
બુજુર્ગ : હા, એક ઇચ્છા હતી કે એક દિવસ કોઇ ફાઇવસ્ટાર હોટેલમાં રોકાવ. ડો. : તમારી પાસે કેટલી મિલ્કત છે ? બુજુર્ગ : હું હાલમાં રહું છું તે એક ફ્લેટ અને એક મોટો ૧૦૦૦ મીટરનો ખાલી પ્લોટ છે. જેની કિમત આશરે ૮ કરોડ રૂપિયા હશે. ડો. : તમને એમ નથી થતું કે તમારી પાસે જે મિલ્કત છે તે વેચીને તમે જલસાની જીંદગી જીવો? મારૂ માનો તો તમે એ પ્લોટ વેચી નાખો..
જે ૮ કરોડ રૂપિયા આવે તેમાંથી એક ચાર કરોડની મિલ્કત લઈ લો અને બાકીના ચાર કરોડ વાપરવા માંડો. એક ફાઇવ સ્ટાર હોટેલમાં જેનું ભાડુ રોજના ૧૦ હજાર છે તેમાં રહેવા માંડો. ત્યાં તમને સ્વીમીંગ પુલ. જીમ અનેક જાતનાં ભાવતા ભોજન અને અનેક લોકોને મળવાનું બનશે. અને દર ત્રણ મહિને શહેર બદલી નાખો. તમને જીવન પ્રત્યે પ્રેમ જાગશે અને તમારૂ ડીપ્રેશન કાયમ માટે દૂર થઈ જશે. બુજુર્ગ ૧૦ હજારનાં ભાડાવાળી ફાઇવસ્ટાર હોટેલમાં રહેવા ગયા. ટેશ અને જલસામાં દિવસો પસાર થવા માંડયા. ૮૨ માં વર્ષે જયારે તેમનું અવસાન થયું ત્યારે ચાર કરોડમાંથી ૧.૫ કરોડ હજુ બચ્યા હતાં અને ચાર કરોડની લીધેલ પ્રોપર્ટીના ભાવ ૮ કરોડ થઈ ગયા હતાં. કહેવાની જરૂર નથી કે ડીપ્રેશન તો સંદતર નાબુદ થઈ ગયું હતું અને જીવવા માટેના અનેક બહાના પણ મળતા રહ્યા હતા.
બોધ : જલસાથી પાછલી જિંદગી જીવવી. ભોગવે એ ભાગ્યશાળી

શુભેચ્છક - સિનિયર સિટીઝન એસોસિયેશન

હરી-ફરી લે, હમણાં તબિયત છે ફાંકડી, કાલે કેડે થી વળેલો હશે ને હાથમાં હશે લાકડી. નીરખી લે, નીરખી લે, હમણાં નજર છે વશમાં, કાલે આવશે મોતિયો ને આંખે હશે કાળા ચશ્મા. નીકળી પડ મિત્રો સાથે ફરવા, મોજ મસ્તી કરવા, કાલે બધા આવશે તને બિમાર ખાટલે મળવા. આજે જ રૂબરૂ મળવાનો છે પુરેપૂરો સ્કોપ,કાલે સામે બેઠો હશે ડોક્ટર લઈને સ્ટેથોસ્કોપ. કરી નાખ ઉજાણી, પી લે પાણી લીટર બે લીટર,જો જે કદાચ કાલે મોમાં ખોસેલું હશે થર્મોમીટર. ચાલો સહુ ભેગા થઇએ, છોડો વોટ્સએપ, ઇન્સ્ટાગ્રામ ને ટ્વીટર, કોઈ નથી જાણતું...ક્યારે પુરા થઈ જાશે આ હૃદયના કિલોમીટર ! જીંદગી ડોક્ટરની ગોળી સાથે નહીં..પણ મિત્રોની ટોળી સાથે જીવવાની હોય છે !

**ENJOOOOY LIFE**

## યદા યદા મુંચતિ વાક્યબાણમ્, તદા તદા જાતિ કુલ પ્રમાણમ્

સંસ્કૃત ભાષાનું એક સુંદર સુભાષિત છે કે, યદા યદા મુંચતિ વાક્યબાણમ્, તદા તદા જાતિ કુલ પ્રમાણમ્
અર્થાત્ – જ્યારે જ્યારે માનવીના મુખમાંથી વાણી નીકળે છે ત્યારે ત્યારે એનું કુળ અને મૂળ બધું જ પરખાઈ જાય છે. માનવીની વાણી જ માનવીની કક્ષા બતાવી દે છે. માણસ શું અને કેવું બોલે છે, એના પર એના સ્વભાવ અને સંસ્કારોનું દર્શન થાય છે.

ઉપરોક્ત સુભાષિતમાં કહેલી વાત સૌએ યાદ રાખવા જેવી છે કે, આપણી વાણી આપણી કક્ષા બતાવી દે છે. આપણે કેવા છીએ એનું દર્પણ વાણી છે. એનો અર્થ એવો થયો કે આપણે સારી વાણી બોલવી હોય તો સારા સંસ્કારો ગ્રહણ કરવા પડે. મનમાં વિકૃતિ નહીં હોય તો જીભ પર વિકૃતિ આવશે જ નહીં.

માનવીની વાણી ઉપરથી માનવીનું પાણી મપાય છે. વાણીની ઉત્તમતા મનની ઉત્તમતા પર નિર્ભર છે. આપણે ત્યાં એવી પણ કહેવત છે કે હૈયે હોય એ હોઠે આવે.

એનો અર્થ એવો થયો કે જેના હૈયામાં ફૂટી ફૂટીને અસંસ્કારો ભર્યા છે, અપમાનો અને કડવાશ ભરી છે એ બધી જ એના હોઠેથી વાણી રૂપે પ્રગટ થાય છે. જેના હૈયામાં જે ભાવ રમી રહ્યા હોય એ વાણી રૂપે વહે છે. જીભને ઉલ ઉતારવાની સાથે સાથે મનને પણ ઉલ ઉતારી સાફ રાખવાની જરૂર છે. **આપણી વાણી આપણા સંસ્કારોનું દર્શન છે, એ હંમેશાં યાદ રાખવું જોઈએ.**


વૈભવ અને એશ, આરામના ઢગલા કરો,
પરંતુ તંદુરસ્તી તે કરતાં ચઢી જાય છે.

# રથ

અમેરિકાની ધર્મ પરિષદમાં વિશ્વ વિજયી બનીને આવેલા સ્વામી વિવેકાનંદ ભારત આવ્યા હતા. તેમના સ્વાગત માટે રામેશ્વરમના સમુદ્ર તટ પર માનવમહેરામણ ઊમટ્યો હતો. રથમાં બેસાડીને એમનું ભવ્ય સ્વાગત કરવામાં આવી રહ્યું હતું. નાગરિકો હોંશે હોંશે સ્વામીજીને વંદન કરી રહ્યા હતા. એમનો રથ ખેંચી રહ્યા હતા અને એમનાં દર્શન કરવા માટે પડાપડી કરી રહ્યા હતા. સ્વામી વિવેકાનંદ જે રથમાં બેઠા હતા એ રથને ખેંચવા માટે પણ ભાવિકોમાં હોડ જાગી હતી. મહાજન, ખેડૂતો, કારીગરો, સ્ત્રીઓ, પુરુષો અને બાળકો સાથે રાજ્યના દીવાન ખુદ રથ ખેંચી રહ્યા હતા. ભગવાં વસ્ત્રોમાં સજ્જ સ્વામી વિવેકાનંદ તેજપુંજની માફક રથને શોભાવી રહ્યા હતા.

એવામાં રાજ્યના મહારાજા ખુદ પધાર્યા અને તેઓ પણ રથ ખેંચવામાં લાગી ગયા. મહારાજાની તબિયત નાદુરસ્ત હતી. તેઓ થોડા વૃદ્ધ પણ થઈ ગયા હતા. દીવાનસાહેબે એમને રથ ખેંચતા જોયા. એમને આ યોગ્ય ના લાગ્યું.

થોડીવાર પછી તેઓ મહારાજા પાસે ગયા અને પછી બોલ્યા, મહારાજા સાહેબ, આપની સાથે વાત કરવી છે જરા બહાર આવો !' મહારાજ બહાર આવ્યા. દીવાનજી એમને ભીડથી થોડે દૂર લઈ ગયા અને બોલ્યા, 'માફ કરો મહારાજા સાહેબ ! આપને આ રીતે બહાર લઈ આવ્યો એ બદલ ! પણ આપ આ રીતે રાજા થઈને એક નાગરિકનો રથ ખેંચો એ મને યોગ્ય ના લાગ્યું. વિવેકાનંદ ગમે તેમ તોયે તમારી પ્રજા છે. તમે મહારાજા છો, આ રાજ્યના રાજા છો. તમારી પ્રતિષ્ઠા દેવ સમાન છે અને તમે આ રીતે રથ ખેંચો એ સારું ના દેખાય. માટે હું આપને વિનંતી કરું છું કે આપ રથ ખેંચવાનું બંધ કરો અને વિવેકાનંદની બાજુમાં રથમાં જ બિરાજો."

દીવાનની વાત સાંભળીને મહારાજા સાહેબ હસ્યા, "દીવાનજી, આપ પણ એમ તો વિવેકાનંદ કરતાં વધારે સત્તાવાન છો. આપ શા માટે ખેંચો છો?" મારી વાત જુદી છે મહારાજા સાહેબ ! ગમે તેવા હોદા પર હોઉં પણ એક સામાન્ય નાગરિક જ છું, પણ આપ તો રાજા છો. મહારાજા બોલ્યા, 'દીવાનજી ! તમે જેમ તમારી સત્તા ત્યાગીને રથ ખેંચી રહ્યા છો એમ હું પણ મારી સત્તા ત્યાગીને રથ ખેંચી રહ્યો છું. તમે ભલે કહો - વિવેકાનંદ એક નાગરિક જ છે, મારો પ્રાજન છે, પણ હું એમ માનતો નથી. વિવેકાનંદ મારા પ્રજાજન નથી મારા પૂજનીય છે, કારણ કે એ સંન્યાસી છે. અત્યારે હું એક નાગરિકનો રથ નહોતો ખેંચી રહ્યો, એક વ્યક્તિનો રથ નહોતો ખેંચી રહ્યો પણ એક અદના સંન્યાસીનો રથ ખેંચી રહ્યો હતો. આપને એક વાત સમજાવું. સત્તા કે ધનથી કોઈ મહાન નથી બનતું. મહાન બનવા માટે ત્યાગી બનવું પડે છે. સ્વામી વિવેકાનંદ ત્યાગી છે.

જ્યાં સુધી ત્યાગનો રથ સત્તા અને લક્ષ્મી ખેંચશે ત્યાં સુધી જ આ પૃથ્વી પર સભ્યતા ટકી રહેશે. આપણે સત્તા અને લક્ષ્મીના પૂજકો છીએ અને સ્વામી વિવેકાનંદ ત્યાગની મૂર્તિ. આપણે એમનો રથ ન ખેંચીએ તો આપણી સંસ્કૃતિ લાજે. ત્યાગ જ મહાન છે. સત્તા અને લક્ષ્મી તો એની આગળ કશું જ નથી. ચાલો રથ ખેંચવા !' આટલું બોલીને મહારાજા સાહેબ ફરીવાર સ્વામીજીનો રથ ખેંચવા માટે ભીંડમાં ભળી ગયા. પાછળ પાછળ દીવાનજી પણ દોડ્યા.

ધર્મના સર્વોચ્ચ પાલન માટે ત્યાગી બનવું જરૂરી છે.

# મૃત્યુ પૂર્વેની સાફસફાઈ

સામાન્ય રીતે વ્યક્તિ મૃત્યુ પામે ત્યાર પછી સવિનસાથી કે સંતાનો તેની વસ્તુઓ, કપડાં, જણસ, દસ્તાવેજો તથા અન્ય તમામ બાબતો કાઢી, જોઈ, વાંચીને તે રાખવી, કોઈને આપવી કે ભંગારમાં કાઢવી તેનો નિર્ણય કરે છે. આ પ્રક્રિયા અત્યંત હૃદય વિદારક હોય છે. જનાર તો જતું રહે છે પણ તેની વસ્તુઓ સાથે જોડાયેલી સ્મૃતિઓ તેનો નિકાલ કરવા બેઠેલી વ્યક્તિને દુઃખી કરે છે. આવું ન થાય તે માટે દરેકે પંચાવન વર્ષની વય બાદ મૃત્યુ પૂર્વેની સાફસફાઈ શરૂ કરવી જોઈએ.

પંચાવન-સાઠ વર્ષની વય બાદ જીવ્યા એટલું તો જીવવાનું હોતું નથી. ગમે ત્યારે તેડું આવે અને ઉપડી જવાનું હોય છે. આથી આપણો સામાન તૈયાર રાખવો જરૂરી છે. દરેકે પોતાની મેળે જ પોતાની વસ્તુઓ તથા મનની સાફસફાઈ કરી નાખવી અને ભૂતકાળમાં જમા કરેલો સામાન કાઢી હળવા થઈ જવું. સૌથી પહેલાં કપડાં, એસેસરીઝ, સ્મૃતિચિહ્નો, કલાકૃતિઓ, ભેટ અને યાદગીરીઓ જેવી વસ્તુઓમાંથી જે ન જોઈતી હોય તે કાઢી નાખવી. યાદ રાખો તમે વૃદ્ધ થઈ જશો પછી દુનિયા પાસે તમારા માટે સમય કે જગ્યા નથી. પરિવાર પાસે પણ આપણા માટે સમય નહીં હોય કેમ કે તેમણે પોતાનું જીવન જીવવાનું હોય છે.

તો પછી મૃત્યુ બાદ આપણી વસ્તુનો નિકાલ કરવાનો ભાર બીજા પર શા માટે નાખી જવો ? આના કરતાં આપણું શરીર સ્વસ્થ હોય ત્યારે દર થોડા સમયે વ્યવસ્થિત રીતે આપણે જ આપણી વધારાની વસ્તુઓ પાત્ર વ્યક્તિઓને આપવી જેને તે મેળવવાનો આનંદ હોય અને તે તેનો સદુપયોગ કરે. વસ્તુઓ કાઢતી વખતે મક્કમ અને એકાગ્ર રહો.

પોતાની જરૂરિયાત અનુસાર સમયની ગોઠવણી કરીને વ્યવસ્થિત રીતે સાફસફાઈનું કામ કરવું. પોતાને ગમતી વસ્તુઓ કાઢતી વખતે લાગણીશીલ કે સંવેદનશીલ ન બનવું. વ્યવહારુ બનવું. "દર અઠવાડિયે, મહિને અને વર્ષે થોડું થોડું ડેથ ક્લિનિંગ કરતાં રહેવું. નવી વસ્તુઓ અધિક માત્રામાં કે પૈસા હોવાને લીધે ખરીદવાની બંધ કરવી. તમારી મૂડી કે બચત સાચવી રાખવી અને મરણોપરાંત તે કોને મળે તે માટે વસિયત તૈયાર કરવી. પરંતુ, તમારી યાદોનો ખજાનો રાખવો કેમ કે તે તમારી સાથે જન્મજન્માંતર સુધી રહે છે. "જાણે-અજાણે કોઈનું દિલ દુભાયું હોય તો માફી માગી લેવી અને મન પરનો બોજ હળવો કરવો. જેમણે મદદ કરી હોય તે બધાનો આભાર માનવો. કોઈપણ પ્રકારની ગ્રંથિ મનમાં ન રાખવી, જેથી જ્યારે જવાનું આવે ત્યારે શાંતિપૂર્વક કોઈપણ પ્રકારના કર્મના ભાર વગર જવા માત્ર સારી સ્મૃતિઓ અને સ્થિર મન લઈને જવું. જેટલો ઓછો સામાન એટલી પ્રવાસની વધુ મજા આવશે.



માતા એ બાળકની શિક્ષા,
દીક્ષા અને સંસ્કારની પ્રણેતા છે.

# પિતાના હાથની છાપ..

પિતા વૃદ્ધ થઈ ગયા હતા અને ચાલતી વખતે તેમને દિવાલનો સહારો લેવો પડતો. પરિણામે તેઓ જ્યાં પણ સ્પર્શ કરતા હતા ત્યાં દિવાલોનો રંગ ઊતરી ગયો હતો અને તેમના ફિંગર પ્રિન્ટ્સ દિવાલો પર છપાઈ ગયા હતા.

મારી પત્નીની નજર એ ફિંગર પ્રિન્ટ્સ પર પડી. તે પછી તે ગંદી દેખાતી દિવાલો વિશે ઘણીવાર ફરિયાદ કરતી રહેતી. એક દિવસ, પિતાજીને માથાનો દુખાવો થતો હતો, તેથી તેણે તેમના માથા પર થોડું તેલ માલિશ કર્યું. જેથી ચાલતી વખતે દીવાલોનો સહારો લેતાં દીવાલો પર તેલના ડાઘા પડી ગયા. આ જોઈને મારી પત્નીએ બૂમાબૂમ કરી મૂકી અને બદલામાં મેં મારા પિતા પર બૂમો પાડી. તેમની સાથે અસંસ્કારી રીતે વાત કરી અને તેમને ચાલતી વખતે દિવાલોને સ્પર્શ ન કરવાની સલાહ આપી.

તેમનું દિલ મારા આ વર્તનથી દૂભાયું પણ તેઓ કશું બોલ્યા નહીં. મને પણ મારા વર્તનથી શરમ આવી, પણ મેં કશું કહ્યું નહિ. તે પછી પિતાજી એ ચાલતી વખતે દીવાલોનો સહારો લેવાનું છોડી દીધું. એક દિવસ તેઓ ચાલતાં ચાલતાં પડી ગયા અને પથારીવશ થઈ ગયા. અને થોડા દિવસોમાં આ દુનિયા છોડીને ચાલ્યા ગયા. મેં મારા હૃદયમાં અપરાધની લાગણી અનુભવી. મેં તેમનું દિલ દૂભાવ્યુ હતું તે ક્યારેય ભૂલી શક્યો નહીં, તેમના અવસાન માટે મારી જાતને માફ ન કરી શક્યો. થોડા સમય પછી, અમે અમારા ઘરને રંગરોગાન કરાવવા માંગતા હતા.તે માટે જ્યારે કારીગરો આવ્યા, ત્યારે મારા પુત્ર એ જે તેના દાદાને પ્રેમ કરતો હતો તેણે કારીગરોને મારા પિતાના ફિંગર પ્રિન્ટ્સ સાફ કરવા અને તે વિસ્તારોને રંગવા ન દીધા.

કારીગરો ખૂબ સારા કલાકારો હતા. તેઓએ તેને ખાતરી આપી કે તેઓ મારા પિતાના ફિંગર પ્રિન્ટ્સ / હેન્ડપ્રિન્ટ્સને દૂર કરશે નહીં. તેમણે આ નિશાનોની આસપાસ એક સુંદર વર્તુળ દોર્યું અને એક સુંદર ડિઝાઇન બનાવી દીધી. તે પછી તે ડીઝાઇન એમ ને એમ જ રહી બલ્કે તે પ્રિન્ટ અમારા ઘરનો ભાગ બની ગઈ. અમારા ઘરની મુલાકાત લેનાર દરેક વ્યક્તિ અમારી એ અનન્ય ડિઝાઇનની પ્રશંસા કરતાં.

સમય સાથે હું પણ વૃદ્ધ થયો. હવે મને પણ ચાલવા માટે દીવાલના સહારાની જરૂર પડવા લાગી. ચાલતી વખતે એક દિવસ મારા પિતાને મેં જે કઠોર શબ્દો કહ્યાં હતા તે યાદ આવ્યા. મેં આધાર વિના ચાલવાનો પ્રયાસ કર્યો. મારા પુત્રએ આ જોયું અને તરત જ મારી પાસે આવ્યો અને ટેકા વિના હું પડી ગયો હોત તેવી ચિંતા વ્યક્ત કરી અને મને ચાલતી વખતે દિવાલોનો ટેકો લેવા કહ્યું. મેં જોયું કે તે સાથે તેણે મને પકડી ને ટેકો આપ્યો. મારી પૌત્રી પણ તરત જ આગળ આવી અને પ્રેમથી મને તેના ખભા પર ટેકો આપવા કહ્યું. હું બહુ ભાવુક થઈ ગયો, મારી આંખોમાં ઝળઝળીયાં આવી ગયા. જો મેં મારા પિતા માટે પણ એવું જ કર્યું હોત, તો તેઓ લાંબા સમય સુધી જીવ્યા હોત. મારી પૌત્રીએ મને શાંત પાડ્યો અને મને સોફા પર બેસાડ્યો. પછી તેણે તેની ડ્રોઇંગ બુક કાઢી અને તેમાં તેના શિક્ષકે તેના ચિત્રની પ્રશંસા કરી હતી અને તેને ઉત્તમ ગ્રેડ આપ્યો હતો તે મને બતાવ્યું. તે ચિત્ર દિવાલો પર પડેલી મારા પિતાના હાથની છાપ નું હતું. અને તેના પર રિમાર્ક લખી હતી. - "કાશ દરેક બાળક વડીલોને એ જ રીતે પ્રેમ કરે".

હું મારા રૂમમાં પાછો આવ્યો અને ખૂબ રડી પડ્યો . મેં મારા પિતા પાસેથી માફી માંગી પરંતુ મોડું થઈ ગયું હતું. હવે તો તેઓ હયાત ન હતા. આપણે પણ સમય સાથે વૃદ્ધ થઈએ છીએ. ચાલો આપણા વડીલોનું ધ્યાન રાખીએ અને આપણા બાળકોને પણ એ જ શીખવીએ.

# સ્વપ્ન

જેને સપના સાકાર કરવા છે તેને રાત કરતાં દિવસ ટૂંકો પડે છે. જેમ સાહસ વગર સિદ્ધિ નથી, તેમ જો સપનું જેવું મોય તો સાહસ કરવાની ઇચ્છા થાય બાકી તો માત્ર જીવનના દિવસો જ ટૂંકા થાય. સપનું જેવા માટે પણ કેટલીક વાર હિંમતની જરૂર પડતી હોય છે. જેમ કે, મહાત્મા ગાંધીએ એ દિવસોમાં દેશને ગુલામીની જંજીરોમાંથી મુક્ત કરવાનું સપનું જોવાની હિંમત કરી હતી, જે દિવસોમાં દૂરદૂર સુધી દેશ આઝાદ થશે તેવું આશાનું એક પણ કિરણ નહોતું.

સપના એ જ વ્યક્તિ જોઈ શકે છે, જેની પાસે સંકલ્પશક્તિ હોય છે. મોટા ભાગના માણસો સંકલ્પ કરતા જ નથી. તેમની જિંદગી વિકલ્પોમાં જ પસાર થઈ જતી હોય છે. ડોક્ટર બનવું છે, પણ ટકા નહીં આવે તો સાયન્સના સ્નાતક થઈ જઈશું. આવા વિકલ્પો વિચારનારા ક્યારેય સંકલ્પ કરી શકતા નથી. વિકલ્પ હંમેશાં સંકલ્પના ગઢમાં ગાબડાં પાડે છે. સંકલ્પ હોય તો જ વ્યક્તિ તેની તમામ શક્તિઓને કેન્દ્રિત કરીને ધ્યેય સુધી પહોંચી શકે છે.

કોઈ સંકલ્પ ક્યારેય નાનો હોતો નથી. દૃઢ સંકલ્પ કર્યો હોય તો જ એ દિશામાં પહોંચવાના દિવસે વિચારો આવે છે અને રાત્રે સ્વપ્ન આવે છે. સપના જોવાની કોઈ મર્યાદા નથી, પરંતુ સ્વપ્ન દિવાસ્વપ્ન ન બની રહે તે બાબત પણ એટલી જ જરૂરી છે.



જે શિક્ષણમાં સમાજ અને રાષ્ટ્રના કલ્યાણની ચિંતાનું તપ નથી તે ક્યારેય સાચુ નથી.

## વાણીની તલવારના લીસોટા જીવનભર દર્દ આપ્યા કરે છે

આપણે ત્યાં એક કહેવત છે કે, વાણીના ઘા કદી રૂઝાતા નથી.' તેમ છતાં લોકો આ ઘા બેફામ રીતે કરતાં રહે છે. આપણા માથામાં કોઈ તલવાર મારી દે, કુહાડી મારી દે કે આપણી હથેળીમાં ચપ્પુ મારી દે તેમ છતાં એ ઘા થોડા કે ઝાઝા દિવસોમાં રૂઝાઈ જાય છે. કોઈ કડવી વાણીની તલવારનો લીસોટો હૈયા પર કરી જાય પછી એ લીસોટો કાયમ હૈયામાં બળતરા પેદા કર્યા જ કરતો હોય છે. વાણીનો એવો ઘા છે જેમાં તલવાર વિંઝાતી નથી પણ ઘા ઊંડો પડે છે. વાણીના ઘાને કદી રૂઝ નથી આવતી.

એનું ઓપરેશન નથી થઈ શકતું. એના પર પાટો બાંધીને એનું લોહી નથી બંધ કરી શકાતું. એ તો હૈયાને બાળ્યા જ કરે છે. જેના હૈયામાં ઝેર ભર્યું હોય છે એ ઝેર ઓકીને લોકોને ઘાયલ કર્યા કરે છે. આવા ઝેરભર્યા વચનોને અગ્નિઝાળની ઉપમા આપીએ તો પણ કંઈ અતિશયોક્તિ નથી. કટુવચન એ મુખરૂપી જ્વાળામુખીમાંથી બહાર ફેંકાયેલો લાવારસ છે. એ જ્યારે જ્યારે પ્રસરે છે ત્યારે ત્યારે તબાહી સર્જે છે. સર્વનાશ વેરે છે. જેમ અગ્નિ શરીરને અડે અને કાળી બળતરા ઊઠે છે તેમ કટુવચનોનો અગ્નિ જેને દઝાડે છે એનો આત્મા સદાય બળ્યા કરે છે. અગ્નિથી બળવું સારુ પણ જેનું હૃદય કટુ વચનોની અગ્નિ જાળથી દાઝે છે એની પીડા એ જીવનપર્યંત ભોગવ્યા કરે છે. જીવનમાં વાણીના ઘાથી કોઈને ઘાયલ ના કરશો. કટુ વચનોની અગ્નિથી કોઈના આત્માને બાળશો નહીં, કારણ કે એ કટુ વચનોનેથી કોઈને હણવો એ બ્રહ્મ હત્યા સમાન પાપ છે.

શરીરના ઘા દવાથી રૂઝાઈ જાય છે, વાણીના ઘા કદી રૂઝાતા નથી.

## સુખનો સાચો આધાર

મેં ભગવાન પાસે ગોવર્ધન જેટલું સુખ અને ટચલી આંગળી જેટલું દુઃખ માંગ્યું મારા કહેવામાં કે એના સમજવામાં કદાચ ભૂલ થઈ હોય.

મેં માંગ્યું હતું તેનાથી ઊંધું થયું હવે હું નથી ભાર ઉપાડી શકતો કે નથી આંગળી કપાવી શકતો !

ઉપરની વાત એ લોકોને લાગુ પડે છે, જેઓ સતત સુખની તલાશમાં દોડતા જ રહે છે. વર્તમાનને સ્વીકારી નથી શકતા તેથી તેઓ નથી દુઃખનો ભાર ઉપાડી શકતા કે નથી આંગળી કપાવી શકતા. અંગ્રેજીમાં કહેવત છે. THERE IS NO WAY TO HAPPINESS, HAPPINESS IS THE WAY. અર્થાત્ સુખ માટે કોઈ નિશ્ચિત માર્ગ નથી. સુખ એ જ માર્ગ છે. તમારા સુખનો આધાર તમે શું મેળવો છો તેના પર નહીં, પરંતુ તમે એ કઈ રીતે મેળવો છો, કેટલી કિંમત ચૂકવીને મેળવો છો તેના પર છે.

વાસ્તવમાં સુખ તો માણસના મનની અંદર જ હોય છે. બહાર તો હોય છે માત્ર સુખનો આભાસ ! કસ્તુરી મૃગની જેમ માણસ સુખને શોધવા માટે ભારે દોડાદોડી કરતો હોય છે.

## મીઠી વાણી બોલવા માટે શક્તિ જોઈએ

જગતમાં શક્તિનું મહત્ત્વ ખૂબ જ છે, કે પણ લોકોએ શક્તિની વ્યાખ્યાને લડાઈ સાથે વધારે જોડી દીધી છે. કોઈ સાથે લડવું હોય, કોઈને પડકારવો હોય, યુદ્ધ કરવું હોય, કોઈ સામે મોરચો માંડવો હોય તો શક્તિ જોઈએ એવું માની બેઠા છે. માત્ર યુદ્ધ કે મોરચા માટે જ નહીં, મીઠી વાણી બોલવા માટે પણ અદમ્ય શક્તિની જરૂર પડે છે. જે રીતે યુદ્ધની શક્તિ મેળવવા માટે તલવારબાજી શીખવી પડે, શરીરને કસરત દ્વારા મજબૂત કરવું પડે એ રીતે મીઠી વાણી બોલવા માટે મન મજબૂત કરવું પડે અને હૈયામાં કરુણતા, પરોપકાર, સેવા અને સત્યનિષ્ઠા જેવા ગુણો ભરવા પડે છે.

આજકાલ ઘણા લોકો ચાહવા છતાં પણ મીઠી વાણી બોલી શકતા નથી, કારણ કે એ શક્તિ એમણે કેળવી જ નથી. એ લોકો જ્યારે બોલે ત્યારે કડવું અથવા અપ્રિય જ બોલે છે. એ લોકો જ્યારે બોલે ત્યારે બીજાના હૈયામાં ચીરા જ પાડે છે અથવા ઝઘડા કરાવે છે, કારણ કે એવા કઠોર વાણી બોલનારા લોકોના હૈયામાં પ્રેમની કુમાશ જ નથી. જેનું હૃદય પ્રેમથી કૂણું બન્યું નથી એ પ્રેમની વાણી ના જ ઉચ્ચારી શકે.

મીઠી વાણી માટે શક્તિ અનિવાર્ય છે. એ શક્તિ મેળવવા માટે હૈયાને પ્રેમ, સેવા, કરુણાથી કૂણું બનાવી દો. આ કુમળાશ એ જ મીઠી વાણી બોલવાની શક્તિ છે.

શુભ વાણી શુભ શક્તિ બની રહે છે.

## ભણતર ચડે કે ગણતર

આજના યુગમાં ભણતરનું મહત્ત્વ ખૂબ જ છે, પરંતુ ગણતરનું મહત્ત્વ પણ બિલકુલ ઓછું આંકી શકાય તેમ નથી. ગણતર વગરનું ભણતર મંદિરમાં દીવા વગરની આરતી બરોબર છે. બાળપણમાં સાંભળેલી એક વાર્તા યાદ આવે છે. એક વૃદ્ધ ખેડૂત ખેતર ખેડીને તેમાં બટાકાની ખેતી કરવા માંગતો હોય છે પણ તે માટે તેની પાસે તાકાત નથી.

તેનો એકનો એક પુત્ર જેલમાં છે. ખેડૂત પત્ર લખે છે... દીકરા તારા વગર કોણ ખેતર ખેડશે? એકલા હાથે મારી હવે હિંમત નથી. દીકરાને જેલમાં તે પત્ર મળે છે. તે ટેલિગ્રામ કરે છે, "બાપુજી, મહેરબાની કરીને ખેતર ખેડશો નહીં. મેં ત્યાં જ થોડી બંદૂકો સંતાડેલી છે.'' બીજે જ દિવસે છૂપી પોલીસના માણસોની ટીમ તે ખેતર પર ઊતરી પડે છે. બંદૂકો શોધવા આખું ખેતર ખેડી નાખે છે. થોડા દિવસો બાદ દીકરો પત્ર લખે છે, "બાપુજી, તમારું કામ થઈ ગયું છે ને ? હવે બટાકાનું વાવેતર કરી દો. વધારે ડિગ્રીઓને અને કોમનસેન્સને સ્નાનસૂતકનો પણ સંબંધ નથી. કદાચ તેથી જ ભણતર કરતાં ગણતરને અદકેરું ગણવામાં આવે છે.



વિવેક ગુણના ખેડાણ વિના શાંતિ નથી.

Radisson BLU RESORT GOA CAVELOSSIM BEACH

MANDREM BEACH RESORT

MEMBER OF RADISSON Individuals. RETREATS

Radisson® GOA CANDOLIM



Radisson Blu Resort Goa Cavelossim Beach, features brightly hued architecture and lush gardens has 132 Luxurious Rooms & Suites with 4 restaurants & bars, spa, large swimming pool, fully equipped business facilities and more.



Mandrem Beach Resort, a 40-room quaint resort offering a unique blend of beachfront and riverfront accommodation, with a set of rooms facing the beachfront and another set of rooms facing the river.



Radisson Goa Candolim, a Boutique Resort with Mediterranean décor and 78 well appointed rooms located on the vibrant Candolim- Calangute beach belt, with 2 restaurants & bars, swimming pool, well equipped business facilities and a lot more.

**Gujarat Sales Office**

610, SILVER RADIANCE 2, Nr. Shakti Arcade, Science City Rd, Sola, Ahmedabad, Gujarat 380060

(M) 9825412359 / 9925912359 / 9099015360 / 8000812359

ALCON • VICTOR GROUP


CAMPUS
COMMERCE EDUCATION
TEACHING WITH VIRTUES...
11th • 12th
CBSE • GSEB
SCORE CARD 2023-24
G.S.E.B. TOPPERS
JHALAK JAIN
94.29%
PR -99.88
HANS GADHECHA
(NAVKAR 1st RANK)
PR -99.80
NEIL MEHTA
(LOYOLA 1st RANK)
PR -99.43
KHELIN CHHEDA
(NAVKAR)
PR - 99.34
MAHEK LEUA
(MT. CARMEL)
PR - 99.29
MAHI DEVPURA
(TERF 1st RANK)
PR - 99.14
Legacy created every year with SCHOOL,CITY & STATE TOPPERS since 15+ years!
TEAM WORK of TEACHERS STUDENTS & PARENTS!
Not just TEACHING! Making future ready PROFESSIONALS & ENTREPRENEURS!
• Significant Improvement in 12th Score compared to 10th score!
• Majority of students scored 80% & more in core subjects!
Result speaks
Endless support
Values & Discipline
Energetic teachers
Real life connect
Overall development
Friendly push
• ACCOUNTANCY
• ECONOMICS
• B.A. / B.S / ETP
• STATS / A. MATHS
• LANGUAGES
KAUSHAL SHAH 9327024093
Navrangpura | Satellite | Bodakdev


Akash (Sagar)
9824041778
Harsh
9978887688
अtulyam
Fabric That Shines You
All Kind Of Exclusive Fabrics
Fancy Dress Materials
Luknowi Work
Pure Tissue
Printed Fabrics
Designer Lehenga Choli
Exotic Dupattas
Banarasi Brocade
Work Fabric
Pure Silk Fabric
atulyamfabrics
atulyam.fabrics
kalpfab@hotmail.com
BY :KALP FAB
ATULYAM, L-14, 15, 22, 23,
RATNAM COMPLEX, OPP. ISCON ARCADE,
CG ROAD, AHMEDABAD - 380 006.
Alkeshkumar Kalpeshkumar


Infrasoul
Safety - Security - Automation
JOIN THE AUTOMATION
WAVE WITH
Z WAVE
HOGAR
A COMPLETE SECURITY I IT SOLUTION PROVIDER
079-65 450 909 | 999 897 0909
www.infrasoul.com | www.infrasoul.ae

DD

D. D. ENTERPRISE

Cellar 1/2/3, Devashray App., Opp. Kothawala Flat,
Pritamnagar Road, Ellisbridge, Ahmedabad - 380 006

**Ph.:- 079 - 2658 5072 , 2658 5092**

E-mail :- ddenterprise2007@rediffmail.com

-: DISTRIBUTOR :-
Garment, Hosiery & Loungewear

| | |
|---|---|
| Jockey | Paras Hankies |
| Barry & Clark | X-Beyond |
| Lyra Leggings | Stori |
| Sweet Dreams | Be Positive |
| Nykaa | Dare |
| UCF | Curve T-shirts |
| One 8 Socks | Onn |
| Arvind | Killer |

*Best Wishes From*

KARNAVATI SALES MARKETING CORPORATION

GROUP OF COMPANY

Regd. & Admn Office Address
KARNAVATI HOUSE
Beside Hiramani Logistic Park,
Beside Vasundhara Industrial Estate,
Jay Ambe Hotel Lane,
B/h. Ekta Hotel Aslali, Ahmedabad.

M. No. : 9725014536 / 37 / 09 • E-mail : karnavatimktg@gmail.com

AUTHORISED DISTRIBUTOR FOR

cello
CELLO THERMOWARE
CELLO HOUSEWARE
CELLO APPLIANCES
CELLO MELMOWARE
CELLO OPALWARE

Moulded Furniture cello with DUROPLAST

VAYA

Apex® Successfully & Guaranteed Product

cello KLEENO

STEELO™

PREMIUM QUALITY. BEST PRICE Sumeet BEST COMPANION

PICASSO™ HOME PRODUCTS

Liza®

Super mom By Apex

KOOK® Proven Utility

TEJAS®

sunpet JARS & BOTTLES

"COMPANION FOR MODERN LIFE"

(Scan to Check our Work)

FILMIC PAPARAZZO

Dhrumil Shah
+91 9106657258

E 905 Titanium City Centre (Corporate Offices)
Near Sachin Tower, Prahladnagar - 380051

• Wedding • Pre Wedding • Birthday Party • Baby Shower
• Indoor / Outdoor Maternity Shoot • Corporate Events • LED & LIVE
• Photo Albums & Frames • Video Editing • Photo Editing & Many More...

EVERYTHING IN PHOTOGRAPHY & VIDEOGRAPHY




CA Yesha Doshi

Deals in : Home Loan, Car Loan, Mortgage Loan, Construction Loan, Loan Against Property, Business Loan

Yesha Doshi
& Associates

Also Deals in Book Keeping, GST, TDS Return & Income Tax Return

G-1, Ashwamegh Avenue, Nr. Mithakhali Under Bridge,
Mithakhali Six Cross Road, Navrangpura, Ahmedabad-380009

9429620317 doshi.financeassociates@gmail.com

DHOLAKIA d STUDIO

DHOLAKIA STUDIO

B-1, Shivalik Business Center, B/h. Rajpath Club, Opp. Kensville golf academy,
S.G. Road, Ahmedabad-380054 • Ph. +91 79 29091133 / 92274 96961-2-3
Website: www.dholakiastudio.com • contact@dholakiastudio.com

New Attractions
- pre wedding shooting & Photography - indoor & out door
- DSLR video filming - short & long version
- best packages on studio photography - matrimonial - kids & family
- personalized gift items with photos - mug - t shirts - collages - gift cards etc.
- attractive photo frames

- video filming with HD cameras
- digital photography
- live telecast through internet
- documentary film
- commercial video - photography
- photo lamination - framing

- designer album
- old album to new album
- portraits - portfolio
- vhs / min dv / hdv to
  cd - dvd - blueray

EVERYTHING IN VIDEO & PHOTOGRAPHY

Registered under Postal Registration No. GUJ-314/2024-2026 Valid up to 31st December 2026 issued by SSPO's Ahmedabad City Division, Permitted to Post at Ahmedabad PSO on 18th of Every Month

OCTOBER - 2024 Page No. 60 R.N.I. No. GUJGUJ/2004/14264 Reg. No. GUJ-314/ 2024-2026

વિશ્વની નંબર ૧ રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ ટેકનોલોજી હવે કે. ડી. હોસ્પિટલ માં

કુશળ હાથો દ્વારા રોબોટિક્સ
ટેકનોલોજીનો અનુભવ કરો



**ડૉ. અમીર સંઘવી**
ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ એન્ડ માઈક્રોપ્લાસ્ટી સર્જન
જોઈન્ટ રીપ્લેસમેન્ટમાં ફેલોશીપસ : ઓસ્ટ્રેલિયા, યુ.કે., ઈટલી અને યુ.એસ.એ.
+91 98250 66013

**ડૉ. અતીત શર્મા**
ની હિપ એન્ડ શોલ્ડર રિપ્લેસમેન્ટ સર્જન
+91 98240 61766

**ડૉ. ચિરાગ પટેલ**
ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ સર્જન
+91 98250 24473

**ડૉ. હેમાંગ અંબાની**
ની રિપ્લેસમેન્ટ સર્જન
+91 98250 20120




**અપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો : +91 95744 45559**

KD Hospital™
કુસુમ ધીરજલાલ હોસ્પિટલ

Shree Orthocare
Strength in Togetherness

www.kdhospital.co.in KDHospitalOfficial KD Hospital kdhospitalofficial

Vaishnodevi Circle, SG Road, Ahmedabad - 382421 , Call : +91 98240 33360

પ્રેષક : If undelivered to return to Reg. No. GUJ-314/ 2024-2026 Valid up to 31-12-2026

**શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ**
"શાન્તમ્", પાંચમો માળ, હેવમોર રેસ્ટોરન્ટની ગલીમાં, નવરંગપુરા,
અમદાવાદ-૯. ફોન : ૦૭૯-૪૯૩૮ ૮૭૮૮

પ્રતિ શ્રી, ______________________

Printed and Published AJAY NAGINDAS DOSHI on behalf of SHRI ZALAWAD VISHA SHRIMALI STHANAKWASI JAIN SAMAJ and Printed Jay Offset (Gujarat) Private Limited, 15, Panchratna Industrial Estate, Sarkhej Bavla Highway, Changodar, Ahmedabad - 382 213 and Published from "SHANTAM", 5'th Floor, Near Havmore Restaurant, Navrangpura, Ahmedabad - 380 009. Editor - PRITIBEN NARENDRABHAI SHAH